# કોટન કનેક્ટ સાઉથ એશીયા પ્રાઇવેટ લીમિટેડ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજના સંયુક્ત ઉપક્રમે કપાસના પાકની ટકાઉ ખેતી પધ્ધ્તિ અંતર્ગત માસ્ટર ટ્રેનર્સની તાલીમ યોજાઈ

કોટન કનેક્ટ સાઉથ એશીયા પ્રાઇવેટ લીમિટેડ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજના સંયુક્ત ઉપક્રમે કપાસના પાકની ટકાઉ ખેતી પધ્ધતિ અંતર્ગત અનિકેત હોસ્ટેલ, આ.કૃ.યુ., આણંદ ખાતે કોટન કનેક્ટ કંપની સાથે સંકળાયેલા માસ્ટર ટ્રેનર્સની ત્રણ દિવસીય કુલ ત્રણ તાલીમ તા. ૦૨/૦૭/૨૦૨૫ થી ૧૨/૦૭/૨૦૨૫ દરમ્યાન યોજાઈ હતી. જેમાં ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લામાંથી કુલ ૧૮૦ કર્મચારીઓ માસ્ટર ટ્રેનર્સની તાલીમ માટે હાજર રહેલ. આ તાલીમમાં સસ્ટેનેબલ કોટન પ્રોગ્રામ સાથે સંકળાયેલ કોટન કનેક્ટ કંપનીના કર્મચારી શ્રી રવી ગેવરીયા, શ્રી જૈનિશ કેલૈયા અને શ્રી કીરીટ પારેખ ઉપસ્થિત રહ્યા હતા. કોટન કનેક્ટ પ્રોજેક્ટ દ્વારા સ્પોન્સર્ડ તાલીમના ઉદ્ઘાટન કાર્યક્રમની શરૂઆતમાં કેવિકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડૉ. વાય. સી. લકુમ એ સર્વેનું સ્વાગત કર્યા બાદ કપાસના પાકનું આર્થિક તેમજ ઔદ્યોગિક મહત્વ તેમજ કપાસની દેશવિદેશમાં ખૂબ જ માંગ હોઇ કપાસના પાકમાં ટકાઉ ખેતી પધ્ધતિ તેમજ પર્યાવરણલક્ષી અભીગમ અપનાવી ગુણવત્તાયુક્ત ઉત્પાદન  તેમજ વધુ આર્થિક નફો મેળવવા અંગે ચર્ચા કરી.

તાંત્રિક કાર્યક્રમ દરમ્યાન આણંદ કૃષિ યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાંથી આમંત્રિત વૈજ્ઞાનિકો દ્વારા જે તે વિષયને અનુરૂપ વિસ્તૃત માહિતી આપવામાં આવેલ જેમાં કપાસના પાકમાં સંકલિત રોગ વ્યવસ્થાપન, કપાસ પાક માટે જમીન અને પોષક તત્વોનું સંકલિત વ્યવસ્થાપન, પાણીના અંદાજીત વપરાશ, કેનોપી મેનેજમેન્ટ, ઇકોસિસ્ટમ રક્ષણ અને આરક્ષણ, કપાસમાં પિયત વ્યયસ્થાપન,  એગ્રો ફોરેસ્ટ્રી, કપાસમાં સંકલિત જીવાત નિયંત્રણ, પશુઓના રોગોનું વ્યવસ્થાપન વગેરે વિશે પુરતી સમજ આપવામાં આવેલ.

સદર તાલીમના ભાગરૂપે બાગાયત વિભાગ અને મેડીશીનલ નર્સરીની મુલાકાત દરમ્યાન જે તે વિભાગની પ્રવૃત્તિઓની જાણકારી સર્વે ટ્રેનર્સને આપવામાં આવી હતી. તાલીમના અંતે ફીડબેકમાં ટ્રેનર્સ દ્વારા ખુબ જ સારા પ્રતિભાવો પણ મળેલ તથા તેઓએ જણાવ્યુ કે આણંદ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા મળેલ ખેડુત સમુદાયની સેવામાં ખુબ જ ઉપયોગી થશે. સમગ્ર તાલીમનું આયોજન તેમજ સંચાલન કેવિકેનાં વૈજ્ઞાનિક ડૉ. વાય.સી. લકુમ અને ડૉ. આર. એમ. પટેલ દ્વારા કરવામાં આવેલ.

<u>કાર્યક્રમની ઝાંખીઓ</u>



















